ચીનના પ્રમુખ સાથે નરેન્દ્ર મોદીની મહત્વપૂર્ણ બેઠક

ફોર્ટલેજા, તા.૧૫

અતિમહત્વપૂર્ણ બ્રિક્સ શિખર બેઠકમાં ભાગ લેવા માટે બ્રાઝિલ પહોંચેલા ચીનના પ્રમુખ શી જિનપિંગે આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. આ વાતચીત ખૂબ જ સફળ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. અર્થપૂર્ણ અને સફળ વાતચીત દરમિયાન શી જિનપિંગે ચીન આવવા માટે નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું. ચીને ભારતને એશિયા અને પ્રશાંત નેતાઓની શિખર બેઠકમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. બન્ને નેતા બ્રિક્સ શિખર બેઠકમાં ભાગ લેવા માટે એક જ સમયે પહોંચ્યા હતા. ત્યારબાદ બન્ને નેતાઓએ તરત જ વાતચીત કરી હતી. બન્ને નેતાઓ વચ્ચે આ સફળ વાતચીત રહી હતી. વાતચીતનો સમય ૪૦ મિનિટ માટે નક્કી કરાયો હતો પરંતુ આ વાતચીત ૮૦ મિનિટ સુધી ચાલી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અકબરુદીને માહિતી આપતા કહ્યું છે કે, બન્ને નેતા બેઠક માટે સંપૂર્ણપણે તૈયાર હતા. તેમણે એમપણ કહ્યું હતું કે, વાતચીતને સફળ બનાવવાને લઈને પહેલાથી જ તૈયારી કરવામાં આવી હતી. શીએ કહ્યું હતું કે, જ્યારે પણ ભારત અને ચીન મળે છે ત્યારે સમગ્ર દુનિયાની નજર રહે છે. પ્રમુખ શીએ ખાસ રીતે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના ગાળા દરમિયાન મોદીની કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. અકબરુદ્દીને કહ્યું હતું કે, ચર્ચા દ્વિપક્ષીય સંબંધો, ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય મામલાઓના તમામ પાસાઓ ઉપર આધારીત હતી. એપેક શિખર બેઠક માટે એકાએક આમંત્રણ બન્ને નેતાઓ દ્વારા બન્ને દેશો વચ્ચે બ્રિક્સ અને અન્ય મંચ જેવા આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર મળીને સાથે કામ કરવાની જરૂરીયાતને લઈને મહત્વપૂર્ણ છે. આજની બેઠક મોદી સરકાર દ્વારા છ સપ્તાહ પહેલાં સત્તા સંભાળી લીધા બાદથી બન્ને દેશો વચ્ચે ચોથી ઉચ્ચસ્તરીય બેઠક છે. અગાઉ શીના દુત દિલ્હી પહોંચ્યા હતા અને ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી અને ત્યારબાદ સેના પ્રમુખ વિક્રમસિંહ હાલમાં ચીન પહોંચ્યા હતા. શીએ સપ્ટેમ્બર મહિનામાં પોતાની સુચિત ભારત યાત્રા અંગે પણ તૈયારી દર્શાવી છે. મોદીને ચીન માટે આમંત્રણ પણ આપવામાં આવ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અકબરુદીને કહ્યું છે કે, પ્રવાસની તારીખ અંગે ટૂંકમાં નિર્ણય લેવાશે. ભારતે એપેક શિખર બેઠક માટે આંમત્રણ સ્વીકારી લીધું છે કે કેમ તે અંગે પુછવામાં આવતા અકબરુદ્દીને કહ્યું હતું કે, જી-૨૦ બેઠક અને અન્ય શિખર બેઠકને કારણે આ મહિનો ખૂબ જ વ્યસ્ત છે. પરંતુ નવી દિલ્હી આ નિમંત્રણને એક મહત્વપૂર્ણ વલણ તરીકે જોવે છે જેના પર ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે. સરહદ સંબંધિત પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, આનો ઉકેલ આવે તે જરૂરી છે. સરહદ ઉપર શાંતિ રહે તે જરૂરી છે. બન્ને નેતાઓએ ખૂબ જ નિખાલસપણે ચર્ચા કરી હતી. વડાપ્રધાને ભાર પૂર્વક કહ્યું હતું કે, સરહદ ઉપર એવી કોઈ ઘટના બનવી જોઈએ નહીં જેના કારણે દ્વિપક્ષીય સંબંધો નબળા થાય.

ઓએનજીસીમાં પાંચ ટકા હિસ્સો વેચવાની તૈયારી

નવી દિલ્હી, તા.૧૫

સરકાર ઓએનજીસીમાં પાંચ ટકા હિસ્સેદારી વેચશે કે કેમ તે અંગે નિર્ણય આગામી મહિનામાં કરશે. પેટ્રોલિયમ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, વર્તમાન માર્કેટ કિંમતે ૨.૯ અબજ ડોલરની રકમ આના કારણે મળી શકે છે. જો આ સમજુતી કરવામાં આવશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રથમ બજેટમાં જાહેર કરવામાં આવેલા ખાનગીકરણ મહેસુલ માટે ટાર્ગેટના ત્રીજા ભાગની રકમ ઉભી થઈ શકશે. ફિસ્કલ ડેફીસીટને કાબુમાં લેવા માટે બજેટમાં શ્રેણીબદ્ધ પગલાની હાલમાં જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત અર્થતંત્રને ફરીવાર પાટા પર લાવવા માટે પણ જાહેરાત કરાઈ હતી. ડિસઈનવેસ્ટમેન્ટ વિભાગે ઓએનજીસીમાં પાંચ ટકા હિસ્સેદારી વેચાણ માટે કોઈપણ પ્રતિક્રિયા હજુ સુધી આપી નથી. પરંતુ ડિસઈનવેસ્ટમેન્ટની દીશામાં સરકાર ઝડપથી આગળ વધવા માગે છે કારણકે જંગી મહેસુલી રકમ જુદા-જુદા પ્રોજેક્ટો માટે ઉભી કરવાની જરૂરી છે. સરકાર ઓએનજીસીમાં હિસ્સેદારી વેચવા માગે છે આ ઉપરાંત અન્ય સરકારી કંપનીઓમાં પણ હિસ્સેદારી વેચવા ઈચ્છુક છે.

સેલ્ફ એટેસ્ટેડ દસ્તાવેજોનો સરકાર દ્વારા સ્વીકાર કરાશે

નવી દિલ્હી,તા. ૧૫

દેશના નાગરીકોને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં સરકારે હવે સરકાર સંબંધિત કામગીરી માટે નોટરી અથવા ગેજેટેડ ઓફિસર તરફથી એફીડેવીટની જરૂરીયાતની જોગવાઈને દૂર કરવાનો નિર્ણય કર્યો છે. સરકાર હવે સેલ્ફ એટેસ્ટેડ દસ્તાવેજોનો પણ સ્વીકાર કરશે. સરકારે સેલ્ફ એટેસ્ટેશન ડોક્યુમેન્ટને પ્રોત્સાહન આપવાની દિશામાં મોટું પગલું લીધું છે. જુદા-જુદા અરજી ફોર્મની સાથે આવા એફીડેવીટ જોડવાની પ્રવર્તમાન જરૂરીયાતોને સમીક્ષા કરવા રાજ્યોને સુચના આપી છે. સાથે-સાથે સેલ્ફ એટેસ્ટેશન દસ્તાવેજોને અમલી બનાવવા માટે પણ કહ્યું છે. વહીવટી સુધારા અને જાહેર ફરીયાદ નિવારણ વિભાગમાં એક અધિકારીએ આ મુજબની માહિતી આપી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, એફીડેવીટ મેળવવાની બાબત ખૂબ જ જટીલ પ્રક્રિયા હતી. લોકોને નોટરી પાસેથી એફિડેવીટ મેળવવામાં ૧૦૦થી ૫૦૦ રૂપિયા ચુકવવાની ફરજ પડતી હતી. મોટાભાગના ગેજેટેડ અધિકારીઓ પુરતા દસ્તાવેજોની ગેરહાજરીમાં તેમની મંજુરી આપતા નહતા. આવી સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં લોકોને વધુ મુશ્કેલી નડતી હતી. જો રાજય સરકારે સેલ્ફ એટેસ્ટેશનને મંજુરી આપશે કે લોકો માટે મોટી રાહત થશે. આ હિલચાલ ૧૨માં રિપોર્ટની ભલામણ ઉપર આધારીત છે. કેટલાક પ્રધાનો અથવા રાજય સરકારોએ માર્કશીટ, જન્મના પ્રમાણપત્ર જેવા દસ્તાવેજોના સેલ્ફ સર્ટીફીકેશનની જોગવાઈ સ્વીકારી લીધી છે. સેલ્ફ એટેસ્ટેશન પદ્ધતિ હેઠળ મૂળભૂત દસ્તાવેજો અંતિમ તબક્કામાં રજૂ કરવાના હોય છે.

તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને મોકલવામાં આવેલા ઓફિસ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે, મૂળભૂત દસ્તાવેજો અંતિમ તબક્કામાં રજૂ કરી શકાશે. સેલ્ફ એટેસ્ટેશનની પદ્ધતિ નાગરીકલક્ષી છે અને એટેસ્ટેડ કોપી અથવા તો એફીડેવીટ મેળવવા માટે કોઈ ખર્ચ કરવો પડશે નહીં. આનાથી સમય પણ બચશે.

ભારતમાં ફેસબુકના એક અબજ સક્રિય યુઝર્સ થયાં

નવી દિલ્હી, તા.૧૫

દુનિયાની સૌથી મોટી સોસિયલ મીડિયા કંપની ફેસબુકમાં ભારતના યુઝરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે ભારતમાં એક્ટિવ યુઝરોની સંખ્યા વધીને ૧૦ કરોડથી પણ વધારે થઈ ગઈ છે. આ સંખ્યામાં હજુ પણ વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. અમેરિકા બાદ ભારતમાં યુઝરોની સંખ્યા સૌથી વધારે દેખાઈ રહી છે. અલબત્ત ફેસબુક હજુ પણ વધારે મોટો લક્ષ્ય ધરાવે છે. તે દેશમાં એક અબજ યુઝર્સના ટાર્ગેટને હાંસલ કરવાની ઈચ્છા ધરાવે છે. અને આ ટાર્ગેટ ઉપર પહોંચવા માટે તેના દ્વારા બનતા તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. ફેસબુકમાં ગ્લોબલ ગ્રોથના ઈન્ચાર્જ જેવિયર ઓલિવને માહિતી આપતા કહ્યું છે કે અમે ભારતમાં એક અબજ યુઝર્સ સુધી પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છીએ જે એક પડકારરૂપ બાબત રહેશે. કેલિફોર્નિયામાં ફેસબુકના હેડક્વાર્ટરથી ૭મી એપ્રિલના દિવસે વિડીયોકોલમાં ઓલિવને ભારતમાં યુઝર્સ નેટવર્ક અનેકગણા સુધી લઈ જવા ૧૦ વર્ષના રોડમેપના ભાગરૂપે ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉપર માહિતી આપી હતી જેમાં ટેલિકોમ, ટેકનોલોજી અને હેન્ડસેટ કંપનીઓની સાથે કામ કરવાની બાબતનો થાય છે. ફિલિપાઈન્સ અને પરાગવેમાં આ બાબત અમલી બની ચૂકી છે. ભારતમાં લોકો દુનિયા સાથે જોડાવવા માટે પ્રથમ સાધન લે છે તે લો એન્ડ મોબાઈલ ફોન હોય છે. ભારતમાં ફેસબુકની ગતિ ખૂબ ઝડપી રહી છે. આમા મોબાઈલ ફોનની ખૂબ જ ભૂમિકા રહી છે. કંપનીએ દેશમાં પ્રથમ ઓફિસ ૨૦૧૦માં હૈદરાબાદમાં શરૂ કરી હતી. એ વખતે ૮૦ લાખ યુઝર્સ હતા. કંપનીના નવા આંકડા દર્શાવે છે કે ભારતમાં તેના ૧૦ કરોડ યુઝર્સ પૈકી ૮.૪ કરોડ પોતાના મોબાઈલ સાધનથી સાઈડ એક્સસેસ કરે છે. ફેસબુકની શરૂઆત ૨૦૦૪માં થઈ હતી અને ડિસેમ્બર ૨૦૧૩ના અંત સુધી તેની પાસે સમગ્ર દુનિયામાં ૧.૨૩ અબજ યુઝર્સ હતા.

ઈન્ડીગો ૧૨ નવી વિમાની સેવા શરૂ કરવા માટે તૈયાર

મુંબઈ,તા. ૧૫

ઉડ્ડયનના ક્ષેત્રમાં ટુંકા ગાળામાં સારી પ્રતિષ્ઠા મેળવી લેનાર લો કોસ્ટ ઈન્ડીગો ટુંક સમયમાં હવે વધુ ૧૨ નવી સ્થાનિક ફ્લાઈટ શરૂ કરશે અને લોકોને વધારે રાહત આપવા પ્રયાસ કરશે. લો કોસ્ટમાં વિમાની સેવા ઉપલબ્ધ કરાવનાર ઈન્ડીગોએ કહ્યું છે કે ૧૨ નવી ફ્લાઈટમાં મુંબઈ અને ઈન્દોર વચ્ચે બીજી દરરોજની નોન સ્ટોપ ફ્લાઈટ અને દિલ્હી પુણે વચ્ચે દરરોજની ચોથી નોન સ્ટોપ ફ્લાઈટનો સમાવેશ થાય છે. ઈન્ડીગોના પ્રવકતાએ માહિતી

આપતા કહ્યું છે કે આ પૈકી ચાર સેવા શરૂ કરવામાં આવી રહી છે. જ્યારે અન્ય સેવા આગામી મહિનાથી શરૂ કરી દેવાશે. ગુડગાવ સ્થિત વિમાની કંપની ૫૧૬ દરરોજની વિમાની સેવા આપે છે ઈન્ડિગો ટુંકા સમયમાં ભારતમાં સૌથી લોકપ્રિય વિમાની કંપની તરીકે ઉભરી રહી છે. તેની લોકપ્રિયતા સતત વધી રહી છે. બીજી બાજુ વિમાનીભાડા ઓછા હોવાના કારણે તેની તરફ મોટી સંખ્યામાં લોકો આકર્ષિત થઈ રહ્યા છે. આ સિલસિલો હજુ જારી રહે તેવી શક્યતા છે. ઈન્ડીગોની માર્કેટ હિસ્સેદારી સતત વધી રહી છે. જ્યારે તમામ વિમાની કંપનીઓને ભારે મુશ્કેલી થઈ રહી છે ત્યારે ઈન્ડીગોની સેવાની પ્રશંસા થઈ રહી છે. તે પોતાના નેટવર્કને ફેલાવી દેવામાં પણ વ્યસ્ત છે. ઈન્ડીગો દ્વારા નેટવર્કને ફેલાવવાના સતત પ્રયાસો ચાલુ રહ્યા છે. આજે ઈન્ડીગોના કારણે અન્ય વિમાની સેવા આપતી કંપનીઓને પડકારરૂપ સ્થિતીનો સામનો કરવો પડી રહ્યો છે. લો કોસ્ટના ક્ષેત્રમાં ઈન્ડીગોએ નવા દાખલા બેસાડ્યા છે.

ઉ.પ્રદેશમાં મહિલા પેનલના બજેટમાં સતત ઘટાડો કરાયો

લખનૌ, તા.૧૫

ઉત્તરપ્રદેશમાં મહિલાઓની સુરક્ષાને લઈને દેશભરમાં પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા લેવામાં આવેલા પગલાને કારણે વધુ ટીકા સરકારની થઈ રહી છે. અખિલેશ યાદવ સરકારે રાજ્યમાં મહિલા પંચના બજેટમાં ધરખમ ઘટાડો કરી દીધો છે પરંતુ બે સાત સીટની મર્સિડીઝ કાર અને બે લેન્ડક્રૂઝર માટે નાણાં હોવાની વાત કરવામાં આવી છે. અખિલેશને મર્સિડીઝ અને લેન્ડક્રૂઝર માટે પૈસા દેખાય છે પરંતુ મહિલાઓની સુરક્ષા માટે પૈસા દેખાઈ રહ્યા નથી. સામાજિક કાર્યકર ઉર્વશી શર્મા દ્વારા રાઈટ ટુ ઈન્ફોર્મેશનમાં આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં સમાજવાદી પાર્ટી સરકારે રાજ્ય મહિલા કમિશનની બજેટ ફાળવણીમાં સતત ઘટાડો કર્યો છે. રાજ્ય સરકારે માહિતી આપી છે કે, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૩-૧૪ વચ્ચે મહિલા પેનલના બજેટમાં ૮૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં આ કમિશનને ફાઈનાન્સિયલ ગ્રાન્ટમાં ૫.૧ કરોડ રૂપિયા મળ્યા હતા. આને ઘટાડીને ૪.૧૬ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યા હતા. જે પૈકી ૩.૯ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩-૧૪માં ફાળવણીમાં વધુ ૭૫ લાખ રૂપિયા સુધીનો ઘટાડો કરાયો હતો. ઉર્વશીનું કહેવું છે કે ઉત્તરપ્રદેશમાં ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આ બાબત રાજ્ય સરકારની છે. એકબાજુ મર્સીડિઝ અને લેન્ડક્રૂઝર માટે નાણાં મળી રહ્યા છે પરંતુ મહિલાઓની સુરક્ષાના મુદ્દા પર ચર્ચા ચાલી રહી છે. સમાજવાદી પાર્ટીએ હંમેશા મહિલાઓની સુરક્ષાને લઈને વાત કરી છે પરંતુ બજેટની ફાળવણી યોગ્ય રીતે થઈ રહી નથી. આરટીઆઈના કાર્યકરનું કહેવું છે કે, કમિશન પાસેથી ન્યાય મેળવવામાં મહિલાઓને મુશ્કેલી નડી રહી છે.

સમાચાર ઝલક

- શાકભાજીના વધતા ભાવ પર અંકુશ રાખવામાં સરકાર અસમર્થ.
- આતંકવાદી હાફિઝ સઈદ સાથે ભારતીય પત્રકારની મુલાકાતનો વિવાદ વધુ વકર્યો.
- દુનિયાની સૌથી લાંબી ટીન એજરની ઉંચાઈ પોણા આઠ ફૂટ.
- ખાનગી હવામાન સંસ્થાની આગાહી મુજબ ચોમાસુ સક્રિય થવાના સંકેતો.
- મંદીની અસરથી ગુજરાત સરકારની વેટની આવકમાં ઘટાડો નોંધાયો.
- તાપી નદીના ઉપરવાસમાં ૧૩ ઈંચ ધોધમાર વરસાદ.
- વડોદરામાં અસામાજિક તત્વોના ત્રાસથી કંટાળેલા લોકોનો મોરચો.
- દુષ્કર્મ કરનાર કોઈ પણ ઉંમરના ગુનેગારને સજા થવી જોઈએ : માતૃ બાળ કલ્યાણ મંત્રીશ્રી મેનકા ગાંધી.
- બે ટકા પાદરી કરી છે બાળકોનું યૌન શોષણ : પોપનો દાવો
- પાકિસ્તાનના પોલિયો વાયરસ ભારતમાં ત્રાટકી શકે છે.
- હજારો ભારતીય શિયા મુસ્લિમો ઈરાક જવા ઈચ્છે છે.
- બોલીવુડની હિટ ફિલ્મોથી પણ મોંઘો છે અમિતાભ બચ્ચનના ટીવી શો 'યુદ્ધ'નો ૧ એપિસોડ - ૩ કરોડ ખર્ચાયા છે.
- તિહાર જેલમાં એ.સી. રેસ્ટોરન્ટ શરૂ થયું : વ્યવસ્થા કેદીઓ જ સંભાળશે.
- મોંઘવારીના લીધે પાડોશીઓ વચ્ચે ઈફ્તારી મોકલવાની રમઝાન માસની પ્રથામાં ઘટાડો.
- સુરત પુલ હોનારત અંગે મનપાની ઝાટકણી કાઢતી હાઈકોર્ટ : રદ કરેલો કોન્ટ્રાક્ટ
- ચેરીટેબલ ટ્રસ્ટ માટે દાન મેળવવાના નિયમો કડક બનાવાયા.
- મનરેગામાં રોજગારીના ૧૦૦માંથી ૧૫૦ દિવસ રોજગારી મળે તેમ થશે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ નિયમો પાળવામાં નિષ્ફળ જતાં માન્યતા રદ થશે.
- વિદેશથી આવતા સહેલાણીઓ ૧૦૦થી વધુ સિગારેટ લાવી શકશે નહિ.
- અંબાજીમાં ભાદરવી પુનમના સાત દિવસના મહામેળાની તૈયારીઓ કરતું વહીવટી તંત્ર.
- ચીનમાં બુલેટ ટ્રોનો ખોટમાં દોડે છે.
- ફિલ્મી અભિનેત્રી અનુષ્કાએ 'બોમ્બે વેલ્વેટ'ના શુટીંગમાં ૩૫ કિલોનું ગાઉન પહેર્યું.

લોકોને ગેરમાર્ગે દોરવા રાજે પર આક્ષેપ કરાયો

જયપુર,તા. ૧૫

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે તેમની અગાઉની સરકારની નાણાકીય વ્યવસ્થાના સંદર્ભમાં લોકોને ગેરમાર્ગે દોરવાનો મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધ્યા ઉપર આક્ષેપ કર્યો છે. ઓઈલ રિફાઈનરી અને જયપુર મેટ્રો રેલના પ્રોજેક્ટના સંદર્ભમાં લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અગાઉની સરકાર દ્વારા નાણાકીય ગેરસંચાલન અંગે ગઈકાલે તેમના બજેટ ભાષણમાં વસુંધરા રાજે દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે પ્રતિક્રિયા આપતા ગેહલોતે તેમની અગાઉની સરકારની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે તેમની સરકારે ખૂબ સારુ કામ કર્યું હતું. તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહે પણ પ્રશંસા કરી હતી. અમે સતત ત્રણ વર્ષ સુધી બજેટ ખૂબ શાનદાર રજુ કર્યું હતું. અમારી સરકારે ઘણી બધી યોજનાઓ શરૂ કરી હતી. ગઈકાલે બજેટ ભાષણમાં રાજેએ અશોક ગેહલોત સરકાર પર પ્રહારો કર્યા હતા.

લાલુ સાથે જોડાણના મુદ્દે નિતિશની પાર્ટીમાં તિરાડ

પટણા,તા. ૧૫

જેડીયુ અને આરજેડી જોડાણ કરે તે પહેલા જ ખેંચતાણનો દોર શરૂ થઇ ગયો છે. આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ સાથે જોડાણ કરવાની તૈયારી જેડીયુના નેતા નિતિશ કુમાર કરી રહ્યા છે પરંતુ આ હિલચાલથી જેડીયુના નેતાઓ બિલકુલ ખુશ નથી. જેડીયુના નેતા લાલુ સાથે જોડાણ ઇચ્છતા નથી. જેના કારણે હજુ વિવાદ થાય તેવી શક્યતા છે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં લાલુની પાર્ટી અને જેડીયુની પાર્ટી ખરાબ રીતે હારી ગયા બાદ હવે ભાજપ સામે મેદાનમાં એક સાથે ઉતરવાની યોજના ઘરાવે છે. આના માટે કેટલીક બેઠકો પણ થઇ ચુકી છે. લાલુ અને નિતિશ કુમાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની વધતી જતી લોકપ્રિયતાની સામે મેદાનમાં ઉતરવાની તૈયારી કરી રહ્યા છે. પક્ષના કેટલાક નેતાઓ નાખુશ હોવા છતાં માની રહ્યા રહ્યા છે કે ભાજપની સામે શક્તિશાળી રીતે મેદાનમાં ઉતરવા માટે જોડાણ કરવામાં આવી શકે છે. લોકસભાની ચૂંટણીમાં આ બન્ને પાર્ટીનો હાલમાં સંપૂર્ણ સફાયો થયો હતો. લાલુની આરજેડી અને નિતિશની જેડીયુનો સફાયો થયો હતો. લાલુ અને નિતિશ બન્ને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે હવે એક સાથે મેદાનમાં ઉતરવા માંગે છે. ઇસ્લામપુરના ધારાસભ્ય રાજીવ રંજને આ હિલચાલ સામે નારાજ થઇને પાર્ટીને એક પત્ર લખ્યો છે. જેમાં દાવો કર્યો છે કે પક્ષમાં મોટા ભાગના સભ્યો આ જોડાણની વિરુદ્ધમાં છે. રંજને કહ્યું છે કે નારાજગી છતાં જો જોડાણ કરવામાં આવશે તો પરિણામ ।સારા રહેશે નહી કારણ કે સભ્યો પહેલાથી જ નારાજ છે. બીજી બાજુ નિતિશ કુમારે કહ્યુ છે કે દેશની ।રાજનિતી બદલાઇ રહી છે. આવી સ્થિતીમાં ગઠબંધની શક્યતાને નકારી શકાય નહી. જેડીયુએ નરેન્દ્ર મોદીની સરકાર બન્યા બાદ કહ્યું હતું કે હવે બિન કોંગ્રેસી પાર્ટીનો સમય આવી રહ્યો છે. હવે બિન બાજપ રાજનિતીનો સમય આવી રહ્યો છે. નિતીશ માટે છે કે દેશના મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસનો સફાયો થયો છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪નું ચાલુ)

મોહબ્બતે : આ ફિલ્મમાં જે ગુરૂકુળ છે એવું કેમ્પસ ભારતમાં નક્કી કયાં જોવા મળે? એવું કશું પુછતાં નહીં. અમિતાભનું પાત્ર નારાયણ શંકર અને શાહરૂખ રાજ એના પેલા ત્રણ શિષ્યો, એમની પ્રેમ કહાની, એમનાં કૉલેજના નાચ-ગાન, કપડાં... અભ્યાસ જેવું ફાલતું કશું નહીં, પરીક્ષાનું તો નામેય લેવાનું નહીં. પણ કેમ્પસ મસ્ત, એમ કહોને કે મસ્તીકી પાઠશાળા!!

મુન્નાભાઇ એમ.બી.બી.એસ. : એક 'ભાઈ' ડૉકટર બનવા આવે અને કલાસમાં સિંગ-ચણા ફાકતા પ્રશ્નો પુછે, કાપલી કરીને પાસ થાય, પ્રેક્ટિકલ માટે ડેડ બોડી મિત્ર લઈ આવે.. હવે આવી રીતે ડૉકટર થવાનું હોત તો ગુજકેટ અને મેરિટની જરૂર જ શું પડે? પણ મુવ્હી માણવા જેવી હતી.

રંગ દે બસંતી : વિદેશમાંથી આવેલી સૂ કૉલેજના મિત્રોને પુછે છે કે અચ્છા તમે આ કેમ્પસમાં ભણો છો' અહીં ભણવાની વાત નથી. વાર્તા માત્ર કેમ્પસના જાની દોસ્તોની. એકદમ આપણને મેચ થાય એવી. એનાં ડિજે અને દોસ્ત એકદમ જક્કાસ. આવી દોસ્તી આપણને કૉલેજમાં મળે એવું કોને ના લાગે?

થ્રી ઇડિયટ્સ : આજના યંગસ્ટર્સને અત્યંત પસંદ પડેલી ફિલ્મ. એનું કેમ્પસ, એમાંની ફ્રેન્ડશીપ, ગોખણીયો વિદ્યાર્થી, કરિઅર માટેની રેસ, ટેન્શન ફિયરથી આત્મહત્યા.. બધું એટલું સરસ બનાવ્યું કે સાચ્ચું લાગે. 'કાબીલ બનો, કામયાબી જખ મારકે પીછે આયેગી' કહેનારું આ કેમ્પસ એટલે જ ફરી ફરી જોવાનું ગમે છે.

સ્ટુડન્ટ ઓફ ધ યર : ફરી પાછું કરણ જોહરનું કેમ્પસ. એકદમ ગ્લેમરસ, એનાં પ્રશ્નો પણ ગ્લેમરસ અને જિંદગી પણ. કેમ્પસ અને એની વાર્તા ખરેખર એન્જોય કરાય એવી. 'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની દોસ્તી અને કેમ્પસ જોવાનું કોઇએ ચૂકવા જેવું નથી.

ટુ સ્ટેટસ : હાલમાં જ આવેલી આ 'ટુ સ્ટેટ્સ'માં પણ કેમ્પસ દેખાડ્યું છે. આઇ.આઇ.એમ. ના કેમ્પસમાં સ્કોલર વિદ્યાર્થીના જીવનમાં બનેલી વાર્તા. બધાં જ હોંશિયાર, ભણેશ્રી અને તોય એકદમ ટ્રેન્ડી, ફેશનેબલ, આપણી આજુબાજુ પણ આવું જ કૉલેજ કેમ્પસ હોવું જોઇએ એવું લાગનારી ફિલ્મ અને હતી એકદમ હટકે.

ચૂંટલો :

આલિયા ભટ્ટ જેવાં કપડાં કે શાહરૂખ-આમીર જેવાં નખરાં ફિલ્મોમાં જ સારાં લાગે. કૉલેજ કેમ્પસનાં કાલ્પનિક ચિત્રમાંથી બહાર નીકળો ત્યારે ખબર પડે ફિલ્મી કેમ્પસ અને રિયલ કૉલેજમાં એક સાચ્ચી ડિગ્રી જેટલો ફરક હોય છે.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

બે જ દિવસમાં વીસ હજાર લોકો મારી સાથે જોડાયા. લોકો મારું નામ હજું ભૂલ્યા ન હતા, તેજાબનો શિકાર બનેલ સ્ત્રીઓ માટે સરકારે અનેક પગલાં ભર્યા. તેમના માટે કાયદા બન્યા છે પણ તે હજુ અધુરા છે જયાં સુધી સમાજ સંવેદનશીલ નહીં બને, મનથી એવું નહીં વિચારે કે આવી ઘટનાઓ ગમે ત્યારે ગમે તેની સાથે બની શકે છે. તેમજ આવા લોકોને ઉપેક્ષા નહીં પણ સહકાર અને સ્નેહ આપવો જોઈએ. આપણે તેમને એકલવાયા છોડી ન શકી. કાયદો પોતાની રીતે કામ કરે છે પણ સમાજની સંવેદનશીલતા અને સહોયગ આ જખ્મોને રૂઝાવી શકે તેમ છે. પછી કોઇ ચહેરા એટલો કદરૂપો નહીં લાગે.

જે તિમિરમાં હું જીવતી હતી ત્યાં હવે ઓળખ અને આત્મીત લોકના સ્નેહનો પ્રકાશ છે. હવે મને ઘણી જગ્યાએ બોલવવામાં આવે છે. મારી હિંમત અને પ્રબળ ઇચ્છાશક્તિનાં વખાણ થાય છે. મારા જેવા ઘણા લોકો હવે તેજાબનો શિકાર બનેલ વ્યથિત લોકો માટે આશાનું કિરણ બનવાની કોશીષ કરી રહ્યાં છે. લોકો હવે મારો ચહેરો જોવા વિના જ મને ઓળખી લે છે અને કહે છે કે રશ્મિ એ ખરેખર જિંદાદિલી બતાવી જીવનને નવી દિશા આપી છે.

- vanvihari@gmail.com

જમીન ધારામાં ધરખમ ફેરફાર કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૫

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વ દ્વારા જમીન પ્રાપ્તી ધારામાં ઉદ્યોગલક્ષી સુધારા કરવા માટે શ્રેણીબદ્ધ સુધારાઓનું સુચન કર્યુંછે. આના પરિણામ સ્વરૂપે ખેડૂતલક્ષી જોગવાઈઓ ઉપર પાણી ફરી વડે તેવી શક્યતા દેખાઈ રહી છે.

પીપીપી પ્રોજેક્ટો માટે જમીન મેળવવા માટે ઓછામાં ઓછા ૭૦ ટકા લોકલ લોકોની ફરજીયાત મંજુરી જેવી ખેડૂતલક્ષી જોગવાઈઓ ઉપર આનાથી પાણી ફરી વડે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગ્રામીણ વિકાસ મંત્રાલયની દરખાસ્તોને લીલીઝંડી આપશે તો ઘણી બધી સમસ્યાઓ ઉભી થશે. યુપીએ સરકાર દ્વારા અગાઉ ઘડી કાઢવામાં આવેલા કાયદામાં ધરખમ સુધારા થઈ શકે છે. આ દરખાસ્તોમાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દા ઉમેરવામાં આવી શકે છે. જમીનની પ્રાપ્તીને લઈને નવા મુદ્દાઓ સપાટી પર આવી ગયા છે. મંત્રાલય દ્વારા એક્ટમાં ધરખમ સુધારાનું સુચન કરવામાં આવ્યું છે. દિલ્હી,ગોવા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં આ હેતુ માટે વધારે જમીન નથી.